જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓની
કચેરીઓની કામગીરી માટે જીપ વાહન ભાડે
રાખવાની માસિક ૨૦૦૦ કિ.મી. ની મર્યાદા
વધારીને માસિક ૩૦૦૦ કિ.મી. કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૩/૮૦૪૮૦૨/ન.બા.૪/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- 24 JUN 2014

વંચાણે લીધા:-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૨/૨/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૦૬/ન.બા,૧૩/છ
(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા. ૨૫/૧૧/૨૦૧૩ ના પત્રક્રમાંક:- સસુખા/યજન/નવીબાબત/૨૦૧૩-૧૪/૨૬૪+૨

પ્રસ્તાવના:-

ઉપર વંચાણે લીધેલા ક્રમાંક: (૧) પરના તા.૨૨/૨/૨૦૦૭ના ઠરાવથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓની કચેરીઓ માટે જીપ વાહન ભાડે રાખવા માસિક ૨૦૦૦ કિલોમીટરની મર્યાદામાં અને કિલોમીટર દીઠ રૂ! ૫.૦૦ ભાવ મર્યાદામાં ભાડે રાખવા સંમતિ આપવામાં આવેલ હતી.

ઉપર વંચાણે લીધેલા ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી (સ.સુ.) ના તા.૨૫/૧૧/૨૦૧૩ના પત્રથી સદરહુ બાબતે માસિક ૨૦૦૦ કિ.મી. ની મર્યાદાને વધારીને ૩૦૦૦ કિલોમીટરની કરી તે મુજબ વાર્ષિક કિલોમીટરની જોગવાઇ કરવાની તથા પ્રતિ કિ.મી. રૂ! ૫/- ની જગ્યાએ રૂ! ૮/- લેખે ખર્ચ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ઉક્ત દરખાસ્ત અન્વયે કિલોમીટરની મર્યાદા ૨૦૦૦ કિલોમીટર જ રાખવામાં આવે છે. પરંતુ ગરીબ કલ્યાણ મેળા, અન્ય સમારંભો કે અગત્યની

કામગીરી માટે અતિ કરકસરપુર્વક વાહનનો ઉપયોગ કરવાનો રહેશે અને તેમ છતાં ખર્ચ વધે તો વધારાના કિલોમીટરની ખાસ કિસ્સા તરીકેની મંજૂરી વિભાગના સચિવશ્રીની મેળવવાની રહેશે.

હાલના કિલોમીટરના દર રૂ! ૫.૦૦ થી વધારીને રૂ! ૮.૦૦ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૦/૬/૨૦૧૪ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એલ.ભર્ગોરા )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર .
(૨) અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૩) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતું,૧૬,ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૪) નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
(૫) એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત , રાજકોટ/અમદાવાદ
(૬) સર્વે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર મારફતે)
(૭) સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
(૮) સેકશન અધિકારીશ્રી,છ-૧ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
(૯) સેકશન અધિકારીશ્રી, બ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
(૧૦) સિલેક્ટ ફાઇલ.